મહત્તમ : ૨૪.૪ ડીગ્રી
લઘુતમ : ૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૮ના ગાર્ડનને દિવસભર ખુલ્લો રાખવા રજુઆત

ગાર્ડન માત્ર સાંજે ૪ થી ૬ જોવા માટે ખુલ્લો મુકાય છે : સે-૨૮ ગાર્ડનની મુલાકાતે આવતા સહેલાણીઓને પરત ફરવુ પડે છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં જુનો અને જાણીતો બગીચો એટલે સેકટર-૨૮ નો બાલોદ્યાન છે. સેકટર-૨૮ નો બગીચો શહેરની આગવી ઓળખ સમાન બની ગયો છે. આ બગીચામાં ફરવા ફરવા માટે રોજના હજજારો મુલાકાતીઓ બહારગામથી આવે છે. આ ગાર્ડનનું રીનોવેશનનું કામકાજ ચાલતુ હોવાથી છેલ્લા ઘણા સમયથી બંધ હતું. જયારે હવે સાંજે માત્ર ૨ કલાક બગીચો સામાન્ય નાગરીક માટે ખુલ્લો મુકવામાં આવે છે. જેને પગલે બહારગામથી બગીચો નિહાળવા માટે આવતા નાગરીકોને ધરમધક્કો પડે છે. જયારે બગીચો બંધ હોવાથી આસપાસના વેપારીઓનો વેપાર ધંધો પણ પડી ભાંગ્યો છે. જેથી તંત્ર દ્વારા સત્વરે દિવસ દરમિયાન બગીચો ખુલ્લો મુકવામાં આવે તેવી લેખિત રજુઆત લારી ગલ્લા યુનિયનના પ્રમુખ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત ગાર્ડનનું કામ

અમૃત યોજના હેઠળ નવીનીકરણનું ચાલી રહ્યું હતું, જે થોડા સમય પહેલા પૂર્ણ થઈ ગયેલ છે. બહારગામથી આવતા નાગરીકોને ખબર ના હોવાથી ધક્કો પડે છે અને અંદર જવા દેવા માટે જણાવે છે જેથી સિકયુરીટી ગાર્ડ અને મુલાકાતીઓ વચ્ચે ચકમક ઝરે છે. ગાર્ડન હાલના સમયે માત્ર સાંજના ૪ થી ૬ કલાક જ ખુલ્લો મુકવામાં આવે છે. માત્ર બે કલાક ગાર્ડન ખુલ્લો રહેતો હોવાથી નાગરીકો પણ ખાસ જોવા માટે આવતા નથી. જેને પગલે વેપારીઓને પણ ખાસ કંઈ વેપાર રોજગાર થતા નથી. તો બીજી તરફ ઘ-૭ સર્કલ પાસે લકઝરી બસનું પાર્કીંગ હતું ત્યાં પાછળ પણ તંત્ર દ્વારા નાના બાળકો માટે દરવાજો મુકવામાં આવ્યો હતો. આ દરવાજો વર્ષો જુનો હતો. પરંતુ બગીચાના નવિનીકરણ પ્રોજેકટરમાં આ ગેટને ચણી લેવામાં અવ્યો છે. જેથી લકઝરી બસ પાછળ મુકીને નાના બાળકોને એક કિલોમીટર જેટલું અંતર કાપવુ પડે છે ત્યારે મેઈન ગેટ સુધી પહોંચી શકે છે. જયારે આટલું અંતર ચાલીને કાંપ્યા બાદ બાળકો ગાર્ડનમાં જઈને રમવા લાયક પણ રહેતા નથી. જેથી તંત્ર દ્વારા પાછળનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો છે તેને પણ તાત્કાલીક અસરથી ખુલ્લો મુકવા અને બગીચો ફુલ ટાઈમ મુલાકાતીઓ માટે ખુલ્લો રાખવા માટે લારી ગલ્લા યુનિયનના પ્રમુખ દ્વારા રજુઆત કરાઈ છે.

સે-૨૪ આંગણવાડીના બાળકોને સ્વેટર-ટોપીનું વિતરણ

શહેરમાં ઠંડીનું જોર દિન પ્રતિદિન કાતિલ બની રહ્યું છે. આ સંજોગોમાં જરૂરિયાતમંદ પરિવારોની હાલત કફોડી બની રહી છે. ગાંધીનગરના વૈદિક પરિવાર તથા રોટરી કલબ દ્વરા નાતાલના પર્વને અનુલક્ષીને સે-૨૪માં આંગણવાડીના બાળકોને સ્વેટર-ટોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૈદિક પરિવાર તથા રોટરી કલબના અગ્રણીઓ-સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી દ્વારા શનિવારે સેકટર-૨૩માં બગીચા સામે કેન્સરના દર્દીઓ માટે વિના મૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ નિદાન કેમ્પમાં કમિટીના સ્ટેટ પ્રેસિડેન્ટ અશ્વિન ત્રિવેદી ઉપરાંત વિનાબા ઝાલા, હેમાસાગર સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે વિસનગરા નાગર પરિવારનો રજતજયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી વિસનગરા નાગર પરિવાર દ્વારા તા. ૩૦મી ડીસેમ્બરના રોજ બપોરે ૨ કલાકે રાઘવફાર્મ ઝુંડાલ ખાતે રજત જયંતિ મહોત્સવ ઉજવશે. જે નિમિત્તે નાગર સંસ્થાઓના મહાનુભાવો ભારતભરમાંથી ઉપસ્થિત રહેશે. ઈડીરેકટરી તથા પરિવાર પરિચય પુસ્તિકા સાથે સોવેનિયરનુંવિમોચન પણ કરવામાં આવશે. ખ્યાતનામ સુરમધુર કલાવૃંદ સંસ્થાની રાહબરી હેઠળ નાગરજનો તથા કલાવૃંદ દ્વારા રંગારંગ કાર્યક્રમ યોજાશે.

સમારંભના અધ્યક્ષ જયેન્દ્રભાઈ કોઠારી-સાંતેજ ઈન્ડસ્ટ્રીલ એરીયા એસોસીએશનના ઉપપ્રમુખ મુખ્ય મહેમાન પદે મહેશભાઈ બાબુલાલ મહેતા-રાઘવ ફાર્મ ઝુંડાલ, પૂર્વ મુખ્ય ઈજનેર વિદ્યુતના ઉરેશભાઈ ઈન્દ્રવદન મહેતા ઉદઘાટન કરશે. ભાજપના અગ્રણી રૂચિરભાઈ ભટ્ટ મુખ્ય અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

અતિથિ વિશેષ પદે પાલજના નાગર અગ્રણી પ્રવિણકુમાર રમણલાલ રાવલ પાનસરના વરિષ્ઠ નાગર મુકુંદભાઈ છોટાલાલ રાવલ પુર્વ સરકારી અધિકારી નવીનચંદ્ર માણેકલાલ રાવલ, ભાવેશભાઈ હર્ષદરાય રાવલ-એડવોકેટ પુર્વ પ્રમુખ વિસનગરા નાગર પરીવાર ગાંધીનગર તથા નિવૃત્ત પ્રોફેસર ડૉ. પ્રમોદચંદ્ર મહેતા ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લામાં વસતા નાગર પરિવારજનો ઉપસ્થિત રહેશે તથા તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ તથા ૭૫ વર્ષના વડીલોનું સન્માન કરાશે.

કાર્યક્રમને સફળ બનાવવા સુભાષભાઈ ભટ્ટ, કૌશિકભાઈ રાવલ, ચિરાગભાઈ રાવલ, મહેશભાઈ ઠાકોર, બીંદ્રેશભાઈ રાવલ, ભાજપ અગ્રણી સુરેશભાઈ મહેતા, સુરમધુર કલાવૃંદના મયંકભાઈ દવે, ભાવેશભાઈ મહેતા અગ્રણી સરકારી વકીલ હિતેશભાઈ રાવલ જહેમત કરી રહ્યા છે તેમ કન્વીનર અતુલભાઈ પંડયા, પ્રમુખ સનતભાઈ પંડયા અને મહામંત્રી મહેશભાઈ રાવલે જણાવેલ છે.

સે-૨-સીમાં બાળકોને રમવાના સાધનો માત્ર ૪ માસમાં જ તુટી ગયાં...!!!

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮માં સમાવિષ્ટ સેકટર-૨-સી ખાતે બાળકોને રમવા માટેના સાધનો લગાડાયા હતા. આ સાધનો માત્ર ચાર જ માસમાં તુટી જવા પામ્યા છે. જેના કારણે અહીં રમતા બાળકોને માથે અકસ્માત થવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

મનપા દ્વારા શહેરના દરેક વોર્ડમાં કોર્પોરેટર્સને ગ્રાન્ટ આપી બાળકોને રમવા માટેના હિંચકા, ચકરડી, ઉંચક-નીચક જેવા સાધનો લગાડવામાં આવ્યા છે. શહેરના વોર્ડ નં.૮ના સેકટર-૨સીમાં આ પ્રકારના સાધનો હજુ માંડ ૪ માસ પૂર્વે જ લગાડાયા હતા પરંતુ આટલા જ સમયમાં આ સાધનો તુટી જવા પામ્યા છે તેથી સ્થાનિક રહીશોને આ સાધનોની ગુણવત્તા બાબતે પ્રશ્નો ખડા થવા પામ્યા છે. આ સાથે રહીશોને પોતાના બાળકો આ રમત ગમતના સાધનો રમતી વખતે તુટી પડે અને બાળક અકસ્માતનો ભોગ બને તે ચિંતા સતાવી રહી છે. માત્ર ચાર જ માસમાં તુટી ગયેલા સાધનોની ગુણવત્તા બાબતે તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે રહીશોએ સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતને રજૂઆત કરતા તેમણે રૂબરૂ મુલાકાત લઈ જવાબદાર સપ્લાયર એજન્સીને ફરિયાદ કરી ગુણવત્તા બાબતે જવાબ માંગવાની તથા સત્વરે સાધનો રીપેર કરવાની રજૂઆત કરવાની બાંહેધરી આપી હતી.

થર્મલ સ્ટેશનમાં જ નવો સુએઝ પ્લાન્ટ ઉભો કરવા શહેર જાગૃત નાગરીક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૨૯

હાલના સમયે ઠેર ઠેર પાણી બચાવો ઝુંબેશ ચાલી રહી છે. પાણીનો ઉપયોગ જરૂરીયાત પુરતો કરો, પાણી બચાવો ના સ્લોગન સરકાર દ્વારા દરેક સ્થળે લગાવવામાં આવ્યા છે. પાણી બચાવ ઝુંબેશ અંતર્ગત કેટલીક સામાજીક અને સ્વૈચ્છીક સંસ્થાઓ પણ કાર્ય કરી રહી છે. પાણી બચાવવું અત્યંત જરુરી બન્યું છે. પાણીના સ્તર રોજ બરોજ નીચા જઈ રહ્યા છે. ત્યારે રાજય સરકાર પણ પાણી બચાવની દિશામાં ચિંતિત છે. ત્યારે ગાંધીનગર શહેરની લોક કલ્યાણ અર્થે સતત ચિંતન કરતી ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદ સંસ્થા દ્વારા પીવાના પાણીની બચત અંગે કેટલીક મહત્વની યોજનાઓનું સુચન તંત્રને કર્યું હતું. જેને પગલે રાજય સરકારે તે દિશામાં વિચારણા કરીને સરગાસણ ખાતે આવેલા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા વધારી દીધી છે અને શુધ્ધ કરેલું પાણી ૧૪ કિ.મી. પાઈપ લાઈન નાંખીને થર્મલ પાવર સ્ટેશનને આપવામાં આવશે.

આ અંગે ગાંધીનગર જાગૃત નાગરીક પરિષદે જણાવ્યું હતું કે થર્મલ પાવર સ્ટેશન, મંત્રી સંકુલ, ગીફટસીટી, ઈન્ફોસીટીના બગીચા અને ટોયલેટની જરૂરીયાતનું પાણી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટસમાં જે તે સ્થળે નાંખીને જ શુધ્ધ કરી પાણી આપવામાં આવે તો મોટા પ્રમાણમાં નર્મદાનું શુધ્ધ પીવાનું પાણી બચાવી શકાય તેમ છે. આ અંગે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે નવો પ્લાન્ટ સરગાસણમાં નાંખવાને બદલે થર્મલ પાવર સ્ટેશન વિસ્તારમાં જ નાખવો જોઈએ, જેથી ૧૪ કિ.મી.પાઈપ લાઈન નાંખવાનો ખર્ચ બચાવી શકાય. ૧૪ કિ.મી. પાઈપ લાઈન શહેરની મધ્યમાંથી પસાર થતા માર્ગ વચાળે ખાડા પડતા નગરજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. તે ઉપરાંત જાળવણી પણ કાયમી કરવાની રહેશે. જયારે થર્મલ પાવર સ્ટેશન ઉપરાંત મંત્રી સંકુલ, ઈન્ફોસીટી, ગીફટસીટીમાં બગીચાઓ માટે ટોયલેટ માટે વિપુલ માત્રામાં વપરાતુ શુદ્ધ પાણી બચાવવા જે તે સ્થળોએ જ યોગ્ય ક્ષમતાના સુએઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાંખવા જોઈએ. ઉપરાંત ચાર સેકટરોનું ગ્રુપ બનાવી સુએઝ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ સ્થાપીને ત્યાંના બગીચા, ટોયલેટ, જાહેર સ્થળોએ, જંગલ ખાતા માટે શુદ્ધ કરેલુ પાણી આપવાની યોજનાને પણ મંજુરી આપવી જોઈએ. ભવિષ્યમાં સેકટરોની પાઈપ લાઈનો બદલવાની થાય ત્યારે રહેઠાણો માટે ગ્રે વોટર અને બ્લેક વોટરની અલગ પાઈપ લાઈનો નાંખવાથી ટોયલેટ માટે પણ શુધ્ધ કરેલું પાણી આપી શકાશે. આ બેઠકમાં જાગૃત નાગરીક પરિષદના સભ્યો એચ.બી. વરીયા, જયોતિન્દ્રભાઈ દવે, ભાનુશંકર પુરાણી સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

શહેરમાં ૧લી જાન્યુઆરીએ 'નો વ્હીકલ ડે' ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

આજના યુગમાં ઝડપભેર વધી રહેલા પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણના વપરાશ તથા ટેકનોલોજીની આડ અસરને પગલે સમગ્ર વિશ્વ કલાઈમેટ ચેન્જ સહિતની પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આ સંજોગોમાં આરોગ્યના પ્રશ્નો પણ વિકટ બનતા જાય છે. આ બાબતને ધ્યાને લઈને નવી પેઢીમાં જાગૃતિ આવે તે હેતુસર આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૯ના દિવસે ગાંધીનગરમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા 'નો વ્હીકલ ડે' ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૯ના પ્રથમ દિવસે 'નો વ્હીકલ ડે' તરીકે ઉજવવાનું નક્કી કરી બોર્ડના તમામ કર્મચારીઓને તે દિવસે પોતાના વાહનોનો ઉપયોગ નહી કરવા આહવાન કરવામાં આવ્યું છે. જો કર્મચારીનું ઘર ઓફિસથી નજીક હોય તો ચાલતા કે સાયકલનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. પરંતુ જો કર્મચારીનું ઘર ઓફિસથી દૂર હોય તો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા અથવા કાર-પુલ સીસ્ટમનો ઉપયોગ કરવા તાકીદ કરવામાં આવી છે. આ સાથે બોર્ડ દ્વારા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત તમામને તા.૧લી જાન્યુઆરીએ 'નો વ્હીકલ ડે' તરીકે ઉજવવા હાકલ કરવામાં આવી છે. 'નો વ્હીકલ ફોર પર્સનલ યુઝ' થીમ આધારિત આ ઉજવણીનો હેતુ પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ ફેલાવવા ઉપરાંત સ્વસ્થ સમાજના નિર્માણમાં યોગદાન આપવાનો છે અને પ્રદુષણને ઘટાડવાનો છે.

કેએસવીના સાયન્સના ૧૦૪ વિદ્યાર્થીઓ માટે યોજાયેલ કેમ્પસ ઈન્ટરવ્યુ

ગાંધીનગર, તા.૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સેકટર-૨૩ ખાતે સંચાલિત શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ વિભાગ દ્વારા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.એસ.સી. ઓગ્રેનિક કેમસ્ટીના ૧૦૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પિરામલ ડિસકવરી સોલ્યુશન કંપનીમાં આજે ૩૯ વિદ્યાર્થીઓની સ્થળ પર પસંદગી કરવામાં આવી હતી.



વધુમાં વર્ષ દરમિયાન પ્લેસમેન્ટ માટે પિરામલ ડિસકવરી સોલ્યુશન, એશિયન પેન્સ, ટોરેન્ટ ફાર્મા, ટ્રોઈકા, ઓકિસજન, એલએમબીક, નિરમા પ્રેટ્રોકેમિકલસ, એક્યુલાઈફ, વિડા, સિકરોન, ટીસીએસ, એકયુલાઈફ સહિત ૨૩ જેટલી કંપનીઓએ હાજર રહી હતી. આ કંપનીઓ દ્વારા પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ૪.૨ થી ૨.૫ સુધીના પેકેજની ઓફર કરવામાં આવી હતી. યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી એસ. કે. મંત્રાલા, કોલેજના આચાર્ય ડો. કેયુર શાહના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નાઈપર-એના ગાંધીનગર કેમ્પસનો પદવીદાન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સ્થિત ફાર્માસ્યુટિકલ શિક્ષણ તથા સંશોધન માટેની અગ્રણી સંસ્થા નાઈપર-અમદાવાદે ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ તેનો છઠ્ઠો પદવીદાન સમારંભ યોજયો હતો.

આ પ્રસંગે એઈમ્સ દિલ્હીના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયા મુખ્ય અતિથિ તરીકે તથા આઈઆઈએસસી બેંગ્લોરના પ્રો. બિક્રમજિત બસુ ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. પદવીદાન સમારંભમાં હાજરી આપનારા અન્ય મહાનુભાવોમાં વી.એન. ન્યુરો કેર સેન્ટર, મદુરાઈના ડિરેક્ટર ડો. નાગરાજન વી., નાઈપર કોલકાતાના ડિરેક્ટર ડો. રવિચંદ્રન વી. સમાવેશ થાય છે.

પદવીદાન સમારંભમાં ૬૯ સ્નાતકોને એમ.એસ.(ફાર્મા)ની તથા ૧ સ્નાતકને ડોક્ટરલની ડિગ્રી

એનાયત કરાઈ હતી. ડો. ગુલેરિયાએ વિદ્યાર્થીઓને તેમનો દેખાવ વધુ બહેતર બનાવી પ્રગતિના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રો. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે ભારત સરકારની વૈજ્ઞાનિક સંસ્થાઓ તથા ઉદ્યોગજગતની ભાગીદારીની મદદથી નાઈપર બહેતર સમાજ માટે એક ઉત્કૃષ્ટ અને હકારાત્મક સ્પર્ધાત્મક માહોલ તૈયાર કરશે.

નાઈપર-અમદાવાદના ડિરેક્ટર પ્રો. કિરણ કાલિયાએ જણાવ્યું હતું કે વૈશ્વિક કક્ષાની સંસ્થાઓ સંશોધન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર સહયોગના પાયા પર નિર્માણ પામે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણના ધ્યેય સાથે નાઈપર સંશોધનની ભાવિ જરૂરિયાતો માટેના માળખાને સજ્જ બનાવી રહી છે. નાઈપર પ્રતિભાઓને ઓળખી તેમને પ્રોત્સાહન આપી ભારતીય ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગના લાભ માટે તૈયાર કરી રહ્યું છે.

નાઈપર અમદાવાદમાંથી અત્યાર સુધીમાં કુલ ૩૭૦ વિદ્યાર્થીઓ સ્નાતક થઈ ચૂક્યાં છે. હાલમાં ૧૭૧ વિદ્યાર્થીઓ વિવિધ વિદ્યાશાખામાં એમ.એસ.(ફાર્મા) નો અભ્યાસ કરી રહ્યાં છે. ૩૬ વિદ્યાર્થીઓ પીએચ.ડીનો અભ્યાસ કરી રહ્યાં છે, જ્યારે ૨૦૧૧ના પાંચ વિદ્યાર્થીઓએ તેમની ડોક્ટરલ ડિગ્રી હાંસલ કરી લીધી છે. આ વર્ષે નાઈપરના છઠ્ઠા પદવીદાન સામારંભમાં પીએચ.ડીની એક અને એમ.એસ. (ફાર્મા)ની ૬૯ ડિગ્રીઓ એનાયત કરાઈ હતી.

અપહરણના ગુનામાં છેલ્લા આઠ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમના પીએસઆઈ જે.આર.કરોતરા અને બી.એમ.પટેલ તથા વી.કે.રાઠોડના સ્ટાફના માણસો નાસતા ફરતા આરોપીને પકડવા સક્રિય થયા છે. દરમિયાન ગઈકાલે એસ.ઓ.જી.ની એક ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ બાતમી મળી હતી કે કલોલ તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૦માં નોંધાયેલા અપહરણના ગુનામાં અમદાવાદનો એક આરોપી હજુ નાસતો ફરે છે તે આરોપી હાલ કલોલ પાસે આવેલા બોરીસણા બસ સ્ટેન્ડ નજીક ઉભો છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી.ની એક ટીમ બોરીસના બસ સ્ટેન્ડ પાસે પહોંચી ગઈ હતી અને છેલ્લા આઠ વર્ષથી નાસતા-ફરતા મૂળ મહિસાગર જિલ્લાના અને હાલ અમદાવાદ વેજલપુર ખાતે રહેતા આરોપી મંગા ઉર્ફે મંગળ કમાભાઈ મેડા નામના શખ્સની ધરપકડ કરી લીધી હતી. એસ.ઓ.જી.ની ટીમે આરોપીની ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસને સોંપી દીધો છે.

ચક્ષુદાન-મહાદાન

સ્વ. પ્રશાંતભાઈ રસિકલાલ આચાર્ય ઉ.વ. ૫૦, પ્લોટ નં. ૧૪૯/૧, આનંદવાટીકા સેકટર-૨૨નું દુઃખદ અવસાન તા. ૨૮મી ડીસેમ્બર થયેલ હતું. તેઓના કુટુંબીજન શ્રીમતી ઈન્દુબેન આર. આચાર્યની સંમતિથી તેમના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે.

તબીબી સેવા ડૉ. વેલુ તથા ડૉ. પ્રાર્થના અને જુસીકાના કાર્યકર દિલીપભાઈ દંતાણીએ આપી હતી. જુસીકાના કાર્યકર રાજુભાઈ વાઘેલાએ ચક્ષુઓ ચક્ષુ બેંક અમદાવાદ પહોંચાડવાની સેવા આપી હતી.

ચિરવિદાય

- સ્વ. વિલાસબેન અમરસિંહ ચૌહાણ, ઉ.વ. ૪૪
- સ્વ. રમણભાઈ મણીભાઈ પટેલ, ઉ.વ. ૬૮